# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન
## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### તમારી અંદર ભગવાનનો પ્રકાશ

સત્સંગમાં શ્રીગુરુમાઈએ વર્ષ ૨૦૨૬ના તેમના સંદેશની અંતિમ પંક્તિના એક વાક્યાંશનો ઉલ્લેખ કર્યો : *તમારી ચેતનાને પ્રબુદ્ધ કરો.* ગુરુમાઈજીએ ભારપૂર્વક કહ્યું કે આ વાક્યાંશ ઘણું મહત્ત્વપૂર્ણ છે, અને તેમના શબ્દો હજીપણ મારા બોધમાં ઊતરી રહ્યા છે. આ વિષયમાં ગુરુમાઈજીની શિખામણો પર મારું આરંભિક ચિંતન ઘણું બધું અને ઘણા પ્રકારનું છે, તેથી હું એ બધું અહીં તમને જણાવીશ નહીં.

પરંતુ, હું એક શિખામણ પર કેન્દ્રણ કરીશ જેને ગુરુમાઈજીએ તેમના સંદેશની આ પંક્તિ વિશે બોલતી વખતે પ્રદાન કરી હતી. ગુરુમાઈજીએ કહ્યું : "કોઈ તમને એવું નથી કહી રહ્યું કે તમે તમારા મહત્ત્વને ઓછું આંકો. ભગવાનનો પ્રકાશ હોવું તમારા જન્મનો ઉદ્દેશ્ય છે, અને તમે ભગવાનનો પ્રકાશ છો."

ગુરુમાઈજીએ આ સત્સંગ મકરસંક્રાંતિના દિવસે કર્યો હતો, એ દિવસ જ્યારે આપણે સૂર્યની પૂજા કરીએ છીએ અને ઉત્તર ગોળાર્ધમાં પ્રકાશ વધવાની ઋતુનો ઉત્સવ મનાવીએ છીએ. જ્યારે હું ગુરુમાઈજીની શિખામણ પર મનન કરું છું તો મને યાદ આવે છે કે ગુરુમાઈજીએ સૂર્યની ઉપમા આપીને આપણને એ સમજાવ્યું કે આપણાંમાંથી પ્રત્યેક વ્યક્તિ ભગવાનના પ્રકાશનો જ વિસ્તાર છે. તેમનાં પ્રવચનો અને તેમની કવિતાઓમાં, ગુરુમાઈજીએ કહ્યું છે કે આપણાંમાંથી પ્રત્યેક વ્યક્તિ સૂર્યનાં કિરણ જેવી છે, જે સર્વશક્તિમાન સૂર્યમાંથી નીકળીને ચારેબાજુ પ્રસરિત થાય છે. આ એક એવી છબી છે જે સુખદ છે અને સાથેસાથે બોધપ્રદ પણ છે. તે આપણને એ આશ્વાસન આપે છે કે ભગવાનનો પ્રકાશ શાશ્વતરૂપે આપણી અંદર વિદ્યમાન છે. તે એ પણ સૂચવે છે કે આપણે આ પ્રકાશથી સંપન્ન હોવાને કારણે, આપણામાં એ ક્ષમતા છે અને આપણું એ કર્તવ્ય પણ છે કે આપણે એ પ્રકાશને આ સંસારમાં બીજાં લોકો સાથે વહેંચીએ, તેને આપણા આચાર-વ્યવહારમાં ઉતારીએ.

એટલા માટે હું તમને પૂછવા માગું છું : તમે તમારી અંદર સૂર્યના પ્રકાશની અનુભૂતિ કેવી રીતે કરી છે? શું તમે સંસારમાં તમારો પ્રકાશ વહેંચવા માટે સ્વયંની પ્રશંસા કરી છે?



© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.